# ઈશ્વર ભલા ઈશ્વર છે!



આશિષ રાયચુર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર ૨૦૦૫
ભાષાંતર: નવેમ્બર2020

સંપર્ક:
All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicated, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:
ઓલ પીપલ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારાઆશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:
જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

ઈશ્વર ભલા ઈશ્વર છે!

# અનુક્રમાણિકા

1. ઈશ્વર સંબંધી આપણી સમજ ........................................ 1

2. ઈશ્વરના વાસ્તવિક ચિત્રનું અનાવરણ ........................................ 2

3. ઈશ્વર સબંધી મહત્વના સત્યો........................................ 4

4. ઈશ્વર ભલા ઈશ્વર છે........................................ 7

5. ઇસુ ખ્રિસ્ત – અદ્રશ્ય ઈશ્વરના ખરા પ્રતિનિધિ છે........................................ 10

# 1. ઈશ્વર સંબંધી આપણી સમજ

ઈશ્વર સંબંધી આપણી સમજ અનેકવિધ માધ્યમોથી પ્રાપ્ત કરવાની બાબત વિકસીત થઇ છે. બીજાઓ ઈશ્વર વિષે શું કહયું છે? અને જે આપણા અનુભવ, અવલોકન, વાંચન, પૃથકરણ અને અન્ય બીજી રીતે સમાપ્ત થાય છે. પરંતુ આ બધી બાબતો સાચી ન પણ હોય શકે! હકીક્તમાં, વીમા કંપનીઓ દ્વારા વીમા અંગેના દાવાઓ એ બાબતે નકારવામાં આવ્યા છે કે ધરતીકંપ, વાવાઝોડા, તોફાનો જેવી કુદરતી અને હવામાનને લગતી આપદાઓ “ઈશ્વરના કૃત્યો” છે. જ્યારે આપણે એવા પ્રકારના કારણોસર તર્કવિતર્ક કરીએ છીએ ત્યારે આપણે ઈશ્વર સંબંધી આપણી સમજને અપૂર્ણ કરી દઈએ છીએ. આ પ્રકારના આપણા વિચારો દ્વારા આપણે એ દિશામાં એવું માની લેવા આગળ વધીએ છીએ કે ઈશ્વર જ વાવાઝોડા, ધરતીકંપ અને બીજી અન્ય અસામાનય પરિસ્થિતીઓનું નિર્માણ કરે છે.

લાંબા સમય ગાળાથી આપણે તારણ પામેલા ખ્રિસ્તીઓ હોવા છતાં ઈશ્વર સંબંધી ની આપની સમજણ અધુરી, અસ્પષ્ટ અને લપેટાયેલી છે. શક્ય છે કે આપણને ઈશ્વર અંગેની સાચી સમજ જ નથી. આપણાં ભૂતકાળના અનુભવોને આધારે, આપણે ઈશ્વર કોણ છે, શું કરે છે અને કેવી રીતે કાર્ય કરે છે તે અંગેની અજ્ઞાનતારૂપી ગ્રંથીમાં જ બાંધી રાખે છે. કેટલીકવાર આપણે ધાર્મિક સ્થાનોમાં સાંભળીએ છીએ, ધાર્મિક પુસ્તકોમાં વાંચીએ છીએ જે આપણી નજરમાં ઈશ્વરને ખોટી રીતે રજૂ કરે છે અને પરિણામ સ્વરૂપે આપણે ઈશ્વરનું ખોટું અને અયોગ્ય દ્રશ્ય પ્રાપ્ત કરીએ છીએ. પરંતુ, વાસ્તવમાં ઈશ્વર અંગેની આપણી દ્રષ્ટિ ખોટી હોઈ શકે છે.

# 2. ઈશ્વરના વાસ્તવિક ચિત્રનું અનાવરણ

રોમનોના પત્ર : ૧:૨૦-૨૩
૨૦ કેમકે તેના અદ્રશ્ય ગુણો તેનું સનાતન પરાક્રમ અને દેવત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પસ્ટ જણાય છે; તેથી તેઓ બહાનું કાઢી શકે એમ નથી.
૨૧ કારણ કે દેવને ઓળખીને તેઓએ તેને મહિમા આપ્યો નહિ. અને તેનો આભાર માન્યો નહીં પણ તેઓએ મિથ્યા તર્કવિતર્કો કર્યા અને તેઓના નિર્બુધ મન અંધકારમય થયા.
૨૨ અમે જ્ઞાની છીએ તેવો દાવો કરતાં તેઓ મૂર્ખ બન્યા.
૨૩ તેઓએ અવિનાશી દેવ ના મહિમાને બદલે નાશવંત માણસ, પક્ષી તથા ચોપગા અને પેટે ચાલનારા પ્રાણીઓના આકારની મૂર્તિઓ બનાવી.

દેવના સ્વભાવને આપણી સમક્ષ તેમના સર્જનકાર્યમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેમના અદ્રશ્ય ગુણો, સનાતન સામર્થ્યને અને દેવત્વને તેમના સર્જનકાર્યમાં સ્પષ્ટપણે સમજી શકાય છે અને જોઈ શકાઇ છે. ઉત્પતિને ઉત્પન્ન કરનારના મહિમાને પ્રગટ કરવામાં આવ્યો છે (ગી. શા.:૧૯:૧-૩). પરંતુ, દુ:ખદ ઘટના એવી બની કે માણસ જાતે ઉત્પનકર્તાને બદલે ઉત્પતિને ભજવાનું શરૂ કરી દીધું. આપણે એક બાબત ધ્યાનમાં રાખીને શિખવાનું છે કે તેની ઉત્પતિને નિહાળીને કાળજીપૂર્વક રીતે તેનું ભજન કરવાને બદલે તેના સર્જનના કોઈપણ ભાગને દેવ ન બનાવી બેસીએ.

૨ તિમોથીને બીજો પત્ર-૩:૧૬
દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે તે બોધ, નીષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે.

ઉત્પતિ ઉપરાંત, આપણી પાસે ઈશ્વરનું વચન “પવિત્ર શાસ્ત્ર બાઇબલ” છે જે દેવે પોતે લખ્યું છે જે દેવ આપણને અદ્રશ્ય રીતે પ્રગટ થયા છે તેનું ચિત્ર આપણી સમક્ષ રજૂ કરે છે. દરેક શાસ્ત્ર ઈશ્વર પ્રેરિત છે. જે આપણને પ્રગટ કરવામાં આવ્યું છે.  આપણે જાણીએ છીએ કે દરેક વચન ઈશ્વરપ્રેરિત છે અને તેમાં દેવનો શ્વાસ ફૂંકવામાં આવ્યો છે. દરેક લેખકના હાથ પર ઈશ્વરનો કાબૂ હતો કે જેમણે શાસ્ત્રનું લખાણ કર્યું અને તેથી જ “બાઇબલ” દેવ નું પ્રગટીકરણ છે જેમાં દેવના ગુણો અને સત્યો જણાય આવે છે કે “દેવ કોણ છે?”

બાઇબલમાં આપણે દેવના અનેક ગુણો અને સનાતન સત્યો વિષે વાંચી શકીએ છીએ:

- ઈશ્વર સ્વયુંભુ છે:  પોતાના અસ્તિત્વ માટે ઈશ્વરે બીજા કશા પર આધાર રાખવાની જરૂર નથી.
- ઈશ્વર સનાતન છે: સમય અગાઉ તેઓ હતા અને હંમેશા રહેશે.
- ઈશ્વર ઉત્પન્નકર્તા છે:  તેમણે સઘળું ઉત્પન્ન કર્યું છે.
- ઈશ્વર સર્વસમર્થ છે:  તે સર્વસત્તાધારી-સર્વશક્તિમાન છે.
- ઈશ્વર સર્વ સમયે સર્વત્ર હાજર છે:  તે સર્વવ્યાપી છે.
- ઈશ્વર સર્વજ્ઞાની છે:  તે સર્વજ્ઞાની છે તેઓ સઘળું જાણે છે.
- ઈશ્વર આત્મા છે:  તેઓ આત્માના રૂપમાં વ્યક્તિ છે તેઓને લાગણી અને ભાવના છે.
- ઈશ્વર અનંત છે:  તેઓ અસિમ અને અપરિમિત છે.
- ઈશ્વર અવિકારી છે: તેઓ ન બદલાનાર, આપણે ઘરડા થઇએ, વ્યક્તિત્વ બદલાઇ, શરીર નબળું પડે તેનો નાશ થાય પરંતુ ઈશ્વર એવા ને એવાજ રહે છે કદી પરિવર્તિત થતાં નથી.
- ઈશ્વર સર્વોપરી છે:  ઈશ્વરને આપણી સલાહની જરૂર નથી. તેઓને પસંદ પડે તે રીતે કાર્ય કરે છે.
- ઈશ્વર પવિત્ર છે.
- ઈશ્વર ન્યાયી છે.
- ઈશ્વર સચોટ ન્યાયાધીશ છે.
- ઈશ્વર સત્યનો ઈશ્વર છે.
- ઈશ્વર પ્રેમનો ઈશ્વર છે.
- ઈશ્વર ભલા ઈશ્વર છે:  તેઓ ભલા ઈશ્વર છે. અને તેમના ભલાઈના કાર્યો તથા ગુણો વિષે આપણે આગળના પ્રકરણમાં જોઇશું.

# 3. ઈશ્વર સબંધી મહત્વના સત્યો

## અત્રે ઈશ્વર સબંધી કેટલાક મહત્વના સત્યો:

## ઈશ્વરની ઈચ્છાઓ હંમેશા તેઓના સ્વભાવ સાથે સમન્વય ધરાવે છે – કે તેઓ કોની સાથે છે

જો આપણે ઈશ્વરને ઓળખીએ છીએ તો આપણે તેની ઈચ્છા જાણીએ છીએ. જ્યાં સુધી ઈશ્વરના સ્વભાવને લાગે વળગે છે ત્યાં સુધી તેમની ઈચ્છા આપણાં માટે ક્યારેય જુદી જુદી હોય શકે નહિ. જો કોઈવાર આપણે એવું કહીએ છીએ કે આપણે ઈશ્વરની ઇચ્છાને જાણતા નથી તો તેનો અર્થ એવો થયો કે ઈશ્વર કોણ છે તે સબંધી આપણે અજાણ છીએ. ઉદાહરણ તરીકે, આપણે ક્યારેય ઉપવાસ સહિત પ્રાર્થના કરતાં નથી કે આપણાં પાપોની માફી સબંધી ઈશ્વરની ઇચ્છા શું છે! અલબત્ત, આપણે અજાણે જ ઈશ્વરની સમીપ જઇએ છીએ કે ઈશ્વર તેના સ્વભાવાનુસાર આપણાં પાપ માફ કરશે જ. આજ બાબત બિમાર વ્યક્તિના કિસ્સામાં લાગુ પડે છે. બિમાર વ્યક્તિ સાજાપણું પ્રાપ્ત કરે એ તેની ઇચ્છા છે કારણ કે તે સાજાપણું આપનાર ઈશ્વર છે અને તેઓની ઈચ્છા હંમેશા તેઓના  સ્વભાવાનુસાર હોય છે, તેઓ તેમના ગુણોથી વિપરીત વર્તતા નથી. તેથી એ તેઓની ઇચ્છા છે કે દરેક બિમાર વ્યક્તિ સાજાપણું પ્રાપ્ત કરે. તેણે કહ્યું, " હું યાહોવાહ રાફા છુ." તે રીતે સાજાપણું આપનાર દેવ પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે.

## ઈશ્વર પોતાના સ્વભાવ અને ગુણધર્મ મુજબ દરેક કાર્ય કરે છે

તેથી કરીને જો આપણે જાણીએ છીએ કે ઈશ્વર કોણ છે તો આપણે એ પણ જાણીશું કે તે શું કરી શકે છે. જેઓ વિવાહિત છે તેઓ આ બાબત સારી રીતે સમજી શકશે. મારા પત્ની, એમી, જણાવી શકે છે કે હું શું વિચારું છુ, હું કેવી રીતે વર્તન કરું છુ, કોઈ ચોક્કસ સંજોગોમાં હું શું કરીશ, કારણ કે

તે મને ઓળખે છે. સમયની સાથે સાથે તેણીની મારા સ્વભાવ અને ગુણોથી પરિચિત થયા છે. એ જ રીતે, જ્યારે આપણે ઈશ્વરને ઓળખીએ છીએ, આપણે એ પણ જાણીએ છીએ કે તેઓ શું કરે છે. તેઓ જે કાંઇ કરે છે તે તેઓના સ્વભાવ અને ગુણોને સુસંગત છે.

અગાઉ આપણે શરૂઆત કરી તે મુજબ, બાઇબલ આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેથી બાઇબલ વાંચવું આપણાં માટે ફાયદારૂપ છે કે આપણે સમજી શકીએ કે ઈશ્વર કોણ છે અને તેમનો સ્વભાવ તથા ગુણધર્મો કેવા છે.

## ઈશ્વર એવું કશું જ નથી કરતાં જે તેઓની સ્વયં, સ્વભાવ કે ગુણધર્મોથી વિપરીત હોય

ઈશ્વર એવું નથી કહેતા, " હું સત્યનો ઈશ્વર છુ પણ ક્યારેક જૂઠું બોલું છુ." તેઓ ક્યારેય એવું પણ નથી કહેતા કે, "હું ભલો ઈશ્વર છુ પણ ક્યારેક ભૂંડાં કામ કરું છુ." તેથી તેઓ એવું કોઈપણ કામ નહિ કરે જે તેઓના સ્વભાવથી વિપરીત હોય. આ બાબત આપણને એ સમજવા માટે સરળતા કરી આપે છે કે આપણે જે સાંભળીએ છીએ તે ઈશ્વરપ્રેરિત છે, શેતાનપ્રેરિત છે કે સ્વપ્રેરિત છે. તેથી એ સુનિશ્ચિત કરવું સરળ છે કે આપણે જે સાંભળીએ છીએ તે ઈશ્વરના સ્વભાવ અને ગુણોને સુસંગત છે તો તે ઈશ્વરપ્રેરિત છે. જો તે ઈશ્વરના સ્વભાવ કે ગુણોથી વિપરીત છે તો તે ઈશ્વરપ્રેરિત નથી. તેથી જો આપણે ઈશ્વર કોણ છે તે જાણીએ છીએ તો ઈશ્વર શું કહે છે અને કરે છે તે પણ જાણીશું.

## ઈશ્વરનું સામર્થ્ય નિશ્ચિતપણે અમર્યાદિત છે તેમ છતાં કેટલીક બાબતો તેઓ ક્યારેય કરતાં નથી

ઈશ્વરે જાહેર કર્યું છે કે કેટલીક ચોક્કસ બાબતો તેઓ ક્યારેય નહિ કરે. જેમ કે;

- ઈશ્વર પોતાની જાતનો નકાર ન કરી શકે (૨ તિમોથી ૨:૧૩)
- ઈશ્વર જૂઠું ન બોલી શકે (તીતસ ૧:૨)
- ઈશ્વર પાપ ન કરી શકે (યાકુબ ૧:૧૩)

ઈશ્વર ઉપર જણાવેલ બાબતો ન કરી શકે કારણ કે તે તેઓના સ્વભાવથી વિપરીત છે. ઈશ્વર ક્યારેય અવિશ્વાસી, જૂઠા કે પ્રેમ કરવાનું પડતું મૂકે તેવું  બની શકે નહિ.

## ઈશ્વર, તેઓના દ્વારા લોકોને આપેલી પસંદગીની સ્વતંત્રતાની, ઉપરવટ નહિ જાય

દેવ માણસને આપેલી મુક્ત ઇચ્છા પરત લેતા નથી કે જે તેઓએ પોતાની સર્વોપરી સત્તાથી આપી છે કે જે દ્વારા મનુષ્ય ખરું ખોટું પસંદ કરી શકે છે. એટલા માટે જ તેમણે આદમ અને હવાને પાપ કરતાં રોક્યા નહિ. ઇશારે રૉબોટનું સર્જન કર્યું નથી. ઈશ્વરે માણસને પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યા છે અને તેને મુક્ત ઈચ્છા પ્રદાન કરી છે. અને જેથી દેવ ક્યારેય આપણને આપવામાં આવેલી મુક્ત ઈચ્છા પરત લેશે નહીં. એટલા માટે જ દેવ લોકોને નરકમાં જવા દે છે. એતો ઈશ્વરની ઈચ્છા છે કે આપણે બચી જઇએ, પરંતુ લોકો પોતે પોતાની પસંદગીથી નર્ક માં જવાનું નક્કી કરી લે છે. ઈશ્વર ક્યારેય એવું કહેતો નથી કે કેટલાક લોકો નર્કમાં જાઓ અને કેટલાક સ્વર્ગમાં જાઓ. જો એવુ જ હોય તો તે પક્ષપાત કહેવાય. સામાન્ય રીતે જ્યારે આપણે એવું કહીએ છીએ કે બાબતો દેવના નિયંત્રણમાં છે. પરંતુ વિષેશ કરીને આપણે જે નિર્ણય કરીએ છીએ, અર્થાત તે સારો કે નરશો હોય મૂર્ખતા ભર્યો હોય જે આપણી મુક્ત ઈચ્છા આધારીત છે જેના માટે ઈશ્વર જવાબદાર નથી.

# 4. ઈશ્વર ભલા ઈશ્વર છે

બાઇબલમાં પ્રગટ થયેલ અનેક સત્યો પૈકી એક બાબત સૌથી શ્રેષ્ટ છે કે "ઈશ્વર, ભલા ઈશ્વર છે" અને તે બાબતે કોઇ જ વિસંગતતા નથી. ઈશ્વર ભલા ઈશ્વર છે.

ગી.શા.૩૪: ૮
અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે, જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.

ગી.શા.૧૦૦: ૫
કેમકે યહોવા ઉત્તમ છે; તેની કૃપા સર્વકાળ અને તેની સત્યતા પેઢી દરપેઢી [ટકી રહે છે].

ગી.શા.૧૦૭:૧,૮
૧ યહોવાનો આભાર માનો, કેમકે તે ઉત્તમ છે,તેની કૃપા સદાકાળ રહે છે.
૮ ઓ તેની કૃપા તથા માણસજાતને સારું તેનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો યહોવાની સ્તુતિ કરે તો કેવું સારૂ.

જ્યારે સઘળું બરાબર અને સારૂ થતું હોય ત્યારે આપણે ઈશ્વરની સ્તુતિ કરીએ છીયે અને તેનો આભાર માણીએ છીએ અને જ્યારે તમામ બાબતો જે આપણી તરફેણ માં હોતી નથી ત્યારે આપણે તેમ કરવાનું ચૂકી જઇએ છીએ. કેટલીક વાર આપણે એવું ધારીને કે વિચારીને ચાલીયે છીએ કે એક દિવસ બે ક્લાક પ્રાર્થના કરું એટ્લે તેની અસર આખો દિવસ ઘણી સારી અને આશિર્વાદિત બને છે. બીજા દિવસે ઓછી પ્રાર્થના કરવાથી દિવસનો સારો અને ઉત્તમ ભાગ હું પ્રાપ્ત કરી સકતો નથી એમ આપણે એવા વિચારવિમર્શ પર આધારિત બની જાએ છીએ કે હું કેટલી લાંબી પ્રાર્થના કરું છું તેના પર દેવના ભલાઈના કાર્યો મારા પ્રત્યે જારી રહે છે; પરંતુ ઇશ્વર ભલા છે અને તે હંમેશા તેના ભલાઈના કાર્યો આપણાં પ્રત્યે જારી રાખે છે ચાહે આપણે પ્રાર્થના કરીએ કે ન કરીએ.

આપણાંમાના કેટલાક આવું વિચારે છે કે ઇશ્વર ફક્ત ખ્રિસ્તીઓ માટે જ ભલા છે, પરંતુ શાસ્ત્ર આપણને કહે છે કે

ગી.શા.૧૪૫:૮,૯
૮ યહોવા કૃપાળું તથા રહેમી છે, તે કોપ કરવે ધીમો તથા અતિ કરુણામય છે....
૯ યહોવા સર્વને હિતકારક છે, પોતાના સર્વ કામો પર તેની રહેમ છે"...

ઈશ્વર સર્વ માટે ભલા છે, અર્થાર્ત, જેવો આપણી સતાવાણી કરે છે તેઓ પર પણ અને જેઓ પાપી છે તેઓ પર, નહીં કે ફક્ત દેવળમાં જનારા પર.

માથ્થી ૫:૪૫
એ માટે કે તમે આકાશમાના તમારા બાપના દિકરા થાઓ; કારણકે તે પોતાના સૂરજને ભૂંડા તથા ભલા પર ઉગાવે, ને ન્યાયી તથા અન્યાયી પર વરસાદ વરસાવે છે.

આથીજ આપણે પાપીને માટે અને તેની અસ્તવ્યસ્ત પાપી અવસ્થા માટે પ્રાર્થના કરવાની છે. દેવની ભલાઈ તેના પર ઉતરી આવે માટે દેવ પાસે માંગવાનુ છે. ઈશ્વર સઘળા માટે સારા છે. આપણે પાપીને આવું નથી જણાવવાનું કે તું ઊઠીને, સ્વચ્છ થઈને દેવળમાં જા એટલે દેવ તારા માટે ભલાઈના કાર્યો કરશે. "ઈશ્વર ભલા છે અને તેની ભલાઈ તથા રહેમ તથા તેની દયા સર્વ પર છે" (ગી.શા. ૧૪૫:૯) પાપીને દેવ પાસે આવવા દો, તે જેવો છે તેવો, તેની અસ્તવ્યસ્ત પાપી અવસ્થામાં દેવની ભલાઈ તેને પશ્ચાતાપ તરફ દોરી લઈ જશે. (રોમન ૨:૪)

ઈશ્વર ભલા છે માટે તેઓ આપણાં માટે ઉત્તમ બાબતો કરવા વિચારે છે. તેઓ ક્યારેય આવું નહીં કહે કે "હું ઉત્તમ છું પરંતુ મારે તમારા માટે ખરાબ બાબતો કરવી છે." ઈશ્વર શું કહે છે.... તેઓ જે વિચારે છે અને કરે છે તે બાબતો હંમેશા ઉત્તમ હોય છે.

## કારણકે ઈશ્વર ભલા અને ઉદારતાથી આપનાર દેવ છે

માથ્થી ૭:૭-૧૧
૭ માંગો, તો તમને અપાશે; શોધો તો તમને જડશે; ઠોકો તો તમારે સારું ઉઘાડાશે,
૮ કેમકે જે દરેક માંગે છે, અને જે શોધે છે તેને જડે છે, ને જે ઠોકે છે તેને સારું ઉઘાડવામાં આવશે,
૯ તમારામાં એવું કયું માણસ છે કે જો તેનો દિકરો તેની પાસે રોટલી માંગે તો તે તેને પથ્થર આપશે?
૧૦ અથવા માછલું માંગે તો તેને સાપ આપશે?
૧૧ તે માટે જો તમે ભૂંડા છતાં તમારા દિકરાઓને સારા વાનાં આપી જાણો છો, તો તમારા આકાશમાનાં બાપની પાસે જેઓ માંગે છે તેઓને કેટલા વિશેષ કરીને તે સારા વાનાં આપશે!

જો આ જગતનાં પિતા પોતાનાં સંતાનોને સારા વાનાં આપી જાણતા હોય તો પિતા તુલ્ય હૃદયવાળા ઈશ્વરને કમ આંકી શકીએ નહિ. ઈશ્વર જ આખરી પિતા છે. અને જો આપણે, પાપી હોવા છતાં, આપણાં બાળકોને યોગ્ય પ્રેમ અને કાળજી આપી જાણીએ છીએ, તો હું તમને ખાતરી આપી શકું છુ કે ઈશ્વર કે જે અસિમ મહાન છે તે પોતાના બાળકોને સારા વાનાં જ આપવા ઇચ્છા રાખશે.

યાકુબ ૧:૧૭
દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે અને પ્રકાશોનો પિતા જેનામાં વિકાર થતો નથી, તેમજ જેનામાં ફરવાથી પડતો પડછાયો પણ નથી, તેની પાસેથી  ઊતરે છે.

ગી. શા. ૮૪:૧૧
કેમ કે યહોવા દેવ સૂર્ય તથા ઢાલ છે, યહોવા કૃપા તથા ગૌરવ આપશે; ન્યાયથી વર્તનારને માટે તે કઇપણ સારું વાનું રોકી રાખશે નહિ.

દેવ સારા અને સંપૂર્ણ વાનાં આપનાર ઈશ્વર છે. તેઓ આપણાથી કોઇ સારા વાનાં પાછા રાખશે નહી.

# 5. ઇસુ ખ્રિસ્ત—અદ્રશ્ય ઈશ્વરના ખરા પ્રતિનિધિ છે

ક્લોસ્સી ૧:૧૫
તે અદ્રશ્ય દેવની પ્રતિમા, સર્વ સૃષ્ટિનો પ્રતિબિંબ છે.

૨ કરથીઓને પત્ર ૪:૪
તેઓમાં આ જગતના દેવે અવિશ્વાશીઓના મન આંધળા કર્યા છે, એ સારું કે ખ્રિસ્ત જે દેવની પ્રતિમા છે, તેના મહિમાની સુવાર્તાના પ્રકાશનો ઉદય (તેઓ પર) ન થાય.

હિબ્રૂઓને પત્ર ૧:૩
તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્યની આબેહૂબ પ્રતિમા છે. અને પોતાના પરાક્રમી શબ્દોથી સઘળા ને નિભાવી રાખે છે: ને પાપનું પ્રાયશ્ચિત કરીને મહાન (પિતાની)જમણી તરફ ઉચસ્થાને બેઠો છે.

ઇસુ ખ્રિસ્ત સાચા અર્થમાં દેવની પ્રતિમા તથા પ્રતિનિધિ છે જે તેમની ઇચ્છા, લાગણીમાં પ્રગટ થાય છે. જ્યારે તેઓ પૃથ્વી પર હતા ત્યારે તેમણે કઇં પણ ભૂંડું કર્યું નથી અને તેમની પાસે આવનાર માંદાઓથી તેમનું મો ફેરવ્યું નથી પણ તેઓ ને સાજા કર્યા છે તેમણે વિશાળ ટોળાને માછલી-રોટલીથી તૃપ્ત કર્યા અને તેમની શારીરિક જરૂરિયાત પુરી પાડી. તે રીતે તેમણે પૂરવાર કર્યું કે તેવો સાચે જ દેવ છે અને આપણામાં તેઓએ રસ લઇ દુનિયામાં તે પ્રગટ કર્યું છે.

માથ્થી ૧૫:૨૨
અને જુઓ, એક કનાની સ્ત્રીએ તે સીમમાંથી આવીને બૂમ પાડીને તેને કહયું કે, ઓ પ્રભુ દાઉદના દિકરા, મારા પર દયા કર; મારી દિકરીને ભૂતથી બહુ પીડા થાય છે.

માથ્થી ૨૦:૩૦
અને જુઓ, બે આંધળા રસ્તાની કોરે બેઠેલા હતા, અને ઇસુ પાસે થઇને જાય છે તે સાંભળીને તેઓએ બૂમ પાડી કે, ઓ પ્રભુ દાઉદના દિકરા, અમારા પર દયા કર.

કનાની સ્ત્રી અને બે વ્યક્તિઓએ ઇસુના નામે દયાની માંગણી કરી અને પોકારીને કહયું કે "ઇસુ અમારા પર દયા કર. પ્રભુએ પોતાની ભલાઈમાં તેઓને સાજા કર્યા અને તેઓની જરૂરિયાત પુરી પાડી. ઇસુ અદ્રસ્ય દેવની પ્રતિમા છે અને સાચા ઈશ્વરના પ્રતિનિધિ છે. આપણે પણ દેવની ભલાઈની તથા દયાની માંગણી સાથે દરરોજ તેનો અનુભવ કરી શકીએ છીએ.

## તમે તમારી જાતને યાદ કરાવો

- ઈશ્વરની ઈચ્છાઓ હંમેશા તેઓના સ્વભાવ સાથે સમન્વય ધરાવે છે—કે તેઓ કોની સાથે છે.

તેથી તમે જો તેમણે (દેવ)ને જાણો છો તો તમે તેમની (દેવ)ની ઇચ્છાને પણ જાણી શકશો. કેટલાક લોકો ઈશ્વરની ઈચ્છાને જાણવાની વાતને ભયાનક બાબત સમજીને હિંમત કરી શકતા નથી. ઈશ્વરની ઇચ્છાને આધીન થઈને તેમના ભલાઈના કાર્યો આપણાં જીવનમાં બનવા દેવામાં જ હંમેશા શાણપણ સમાયેલું છે.

- ઈશ્વર દરેક બાબતોને પોતાના સ્વભાવ અને ગુણ સાથે સુસંગતતામાં કાર્યોને પ્રગટ કરે છે.

તેથી કરીને જો તમે દેવને ઓળખો છો તો તેઓ કોણ છે તે તમે પારખી શકો છો. તમે હિંમતભેર અને ખાતરીપૂર્વક કહી શકશો કે દેવ હંમેશા સર્વ સારૂ જ કરે છે. અલબત્ત, દેવ તમને સુધારા માટે, નિષેધ માટે ચેતવણી આપશે પરંતુ તે તમારા ભલા માટે જ રહેશે.

- ઈશ્વર ક્યારેય એવું નહિ કરે કે જે તેમની ઇચ્છા કે સ્વભાવ કે ગુણોની વિરુધ્ધમાં હોય.

ઈશ્વર એવું ક્યારેય નહીં જણાવે કે ભવિષ્યવાણી નહિ કરે તને નર્કમાં જ જશો. તેઓ હંમેશા સારી અને સાચી વાત જ તમારા માટે પ્રગટ કરશે. ઈશ્વર એટલા બધા ભલા છે કે ક્યારેય ભૂંડું થવા દેશે નહીં કે તમારા સબંધી એવી ભૂલ પણ થવા દેશે નહીં. તેઓ એટલા સાચા છે કે ક્યારેય તમારા સબંધી જૂઠું કહેશે નહીં અને તેઓ એટલા સમર્થ છે કે તમને ક્યારેય પડવા દેશે નહીં.

## પરંતુ જો ઈશ્વર ભલા છે તો શા માટે આ જગતમાં ભૂંડી બાબતો બન્યા કરે છે?

દૈનિક સમાચારપત્રો આપણને રોજેરોજના સમાચાર આપે છે જેમાં આપણે વાંચીએ છીએ કે લોકો કુદરતી આફતોને કારણે, પૂરને કારણે, વાવાઝોડા, તોફાનો, આતંકવાદ શહેરોની ગુંડાગીરીને કારણે મરણ પામે છે. જો ઈશ્વર ભલા હોય તો શા માટે આવી ભૂંડી બાબતો બનવા દે છે? અને શા માટે સારા લોકોને પણ ભૂંડી બાબતોનો સામનો કરવો પડે છે?

ઈશ્વર તો ભલા ઈશ્વર જ છે પરંતુ આ જગત પર શેતાન છે. આ તો શેતાન જ તેની અસરોથી, અને પહેલ કરીને ભૂંડાઇ આચરે છે. એ તો દૂ:ખદ બાબત છે કે જ્યાં લોકો જાણતા અજાણતા શેતાનના "દલાલ" બનીને ભૂંડાઈને દુનિયામાં થવા દે છે. શેતાને આદમના પાપ થકી દુષ્ટતાને ગ્રહણ કરી છે. આદમને જગતનું નિયંત્રણ સોંપવામાં આવ્યું હતું પરંતુ તેણે અનઆજ્ઞાંકિત બનીને પોતાને મળેલ અધિકાર શેતાનને હવાલે કરી દીધો. ગમે તેમ હોય, પણ આ બાબત મર્યાદિત સમયગાળા માટે જ છે. અને તેથી કરીને શેતાન તેની તમામ ભૂંડાઇ અને દુષ્ટતાને અત્યારે ચાલાકીથી જગત પર લાદી રહ્યો છે (પ્રકટીકરણ ૧૨:૧૨) એક એવો સમય આવશે કે જ્યારે (માત્થી ૮:૨૯) શેતાનના નિયંત્રણને, ભૂંડાઇ, દુષ્ટતાને તથા કાર્યોનો આ જગત પરથી નાશ કરવામાં આવશે. પ્રકટીકરણના પુસ્તકમાં ઈશ્વરે યોજના બનાવી છે શેતાનને તેઓ પૂરી દેશે (પ્રકટીકરણ ૨૦:૧૦,૧૪)

લુક ૮:૨૨-૨૫
૨૨ એ અરસામાં એક દહાડો તે પોતાના શિષ્યોની સાથે હોડી પર ચઢ્યો, ત્યારે તેણે તેઓને કહ્યું કે, આપણે સરોવરને પેલે પાર જઇએ; અને તેઓ નીકળ્યા.
૨૩ તેઓ હંકારતા હતા એટલામાં તે ઊંઘી ગયો; સરોવર પર પવનનું તોફાન થયું, તેથી હોડીમાં પાણી ભરાવા લાગ્યું, અને તેઓ જોખમમાં આવી પડ્યાં.
૨૪ તેઓએ તેની પાસે આવીને તેને જગાડીણે કહયું કે હે સ્વામી, સ્વામી, અમારો નાશ થાય છે. પછી તેણે ઊઠીને પવનને તથા પાણીના મોજાને ધમકાવ્યા એટલે તેઓ બંધ પડ્યાં ને શાંતિ થઇ.
૨૫ તેણે તેઓને પુછ્યું કે તમારો વિશ્વાસ ક્યાં છે? તેઓ બીને અચરત થયાં, અને માંહોમાંહે કહયું કે આ તે કોણ છે કે પવનને તથા પાણીને પણ આજ્ઞાં કરે છે ને તેઓ તેનું માને છે?

ઈસુ અને તેમના શિષ્યો તોફાનની વચ્ચે હતા (લુક ૮:૨૨-૨૫) કુદરતી તોફાનની આ ઘટનામાં શિષ્યોથી જે કાંઇ થઇ શકે તે તેઓએ કર્યું. જ્યારે શિષ્યોને લાગ્યું કે આ આફત તેઓના હાથમાંથી સરકી રહી છે અને પાણીમાં જ તેઓની કબર બનવા જઇ રહી છે ત્યારે તેઓએ જઇને ઇસુને

ઉઠાડયા. ઇસુએ એવું કશું જ ન કર્યું કે આ તો પ્રાર્થનાના ઉત્તરરૂપ ઈશ્વરની ઇચ્છા શોધવાની બાબત છે. પરંતુ એવું કરવાને બદલે તેઓ ઉઠ્યા અને હિંમત તથા અધિકાર સાથે હોડીની સામે પવન અને તોફાનને ધમકાવ્યાં અને ત્યાં મહાશાંતિ પ્રસરી ગઈ. આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવાનો છે કે આ તોફાન કોણે મોકલ્યું?—ઈશ્વરે? શેતાને? કે કુદરતના કામને લીધે?

આ બાબત એ ઈશ્વર મારફતે બની ન હતી. નહીં તો ઇસુ પોતે ઈશ્વરની (પિતાની) ઇચ્છાની વિરુધ્ધમાં કાર્ય ન કરત. આ તો એટલા માટે શક્ય બન્યું હોવું જોઇએ કે કોઇ કુદરતી આફત હોય શકે. ઈશ્વરે કેટલાંક અદ્રશ્ય નિયમો ઘડયાં છે. જે સફરજને હવામાં ઊંચે ફેંકવામાં આવે છે તે પરત ધરતી પર પાછું આવે છે, તેણે ઈશ્વર પાછું મોકલવા દબાણ કરે છે એટલા માટે પરત આવે છે આવું નહીં. પરંતુ તેને ગુરુત્વાકર્ષણ ના નિયમ આધારિત છે માટે. તેમણે કુદરતના નિયમોને એ પ્રમાણે ઘડયા જ છે. પરંતુ અયુબ પુસ્તકનાં અધ્યાય ૧ અને ૨ માં શેતાન યહોવાની હાજરીમાં પરત થઇ કેટલીક આપતિઓને ઘડીને અયુબના કુટુંબનો તથા સંપતીનો નાશ કરે છે. ઈશ્વરને આ આપતીજનક કાર્ય માટે દોષ ન આપવો જોઈએ, કેમકે તેઓ હંમેશા ભલા જ છે. આ બનાવ શેતાન તરફથી હોય શકે અથવા કુદરતી નિયમોને આધીન હોય શકે....

## ઈશ્વર એક દિવસ ભલા હોય અને બીજા દિવસે ખરાબ હોય તેવું ન બની શકે. ઈશ્વર સદાકાળ ઉત્તમ કાર્ય જ કરે છે.

જ્યારે ઇસુએ તોફાન-પવનને શાંત કર્યા અને પછી શીષ્યો તરફ જોઈને આવું ન કહયુ કે તમે રવિવારે દેવળમાં ભજનસેવામાં ગયા નહોતા એટલા માટે આ તોફાન-આપત્તિ તમારા પર આવી છે. તેમણે શિષ્યોને શું પૂછ્યું? તમારો વિશ્વાસ ક્યાં ગયો?( તમારો વિશ્વાસ ક્યાં છે?). ઇસુ જાણતા હતા, કે જો તોફાન વચ્ચે શિષ્યોએ અધિકાર લઈને તોફાનને ધમકાવ્યું હોત તો તે ત્યાંજ શાંત થઈ જાત. અને વિશ્વાસનું પગલું ભરી શકયા હોત. અને આ જ રીતે આપણાંમાથી ઘણાબધા જેઓ અત્યારે આવા પ્રકારના તોફાનોમાથી પસાર થઈ રહયા છે તેઓ એ પોતાના જીવનોમાં બીજાઓનનો કે ઈશ્વરનો દોષ કાઢ્યા વગર, વિશ્વાસથી આધિકાર લઈને ઉભા થઈને કોઇ કામનો પ્રારંભ કરવાની જરૂર છે જેમાં આપણાં ભલા ઈશ્વર તેમનું પરાક્રમ પ્રગટ કરે. આપણાં ભલા ઈશ્વર એવું નથી થવા દેતા કે તોફાનમાં આપણે ડૂબી જઇયે. ઈશ્વરે શેતાનને મર્યાદિત સમયગાળા માટે પૃથવીપર કાર્યરત કર્યો છે. પરંતુ તેમણે આપણને છોડી દીધા નથી. અને આશાવિહોણા થવા દીધા નથી. તેમણે આપણને વિશ્વાસ આપ્યો છે. આત્મિક હથિયારો આપ્યા છે. અને તેનો ઉપયોગ કરી તેને પહેરી લઇને આપણે વિજયવંત ખ્રિસ્તી જીવન જીવી શકીએ છીએ.

જ્યારે દેવ ન્યાયી દેવ છે, ત્યારે ત્યાં ન્યાયપણાનો ખ્યાલ રહેલ છે અને ન્યાયપણાની વાતનો તેમાં સમાવેશ છે. પરંતુ ત્યાં કેટલાંક કેટલીકવાર દેવના નિયમનો ભંગ કરી તેમની ઠરાવેલી સરહદ પાર કરી ચાલ્યા જાય છે.

ઈશ્વરની ઇચ્છા છે કે આપણે તેની આરાધના કરીએ. આપણો ઈશ્વર છે અને તેના પરના વિશ્વાસ અને કાર્યોને ધ્યાનમાં રાખી તેની સ્તુતી-આરાધના અને આભારસ્તુતી કરીયે છીએ. અને તેટલાં જ માટે તેઓ જેવા પવિત્ર, ભલા છે તે વાતને સમજણપૂર્વક આપણી જીવનશૈલીમાં લાવવાનું છે અને બીજા માટે ભલા બનવાનું છે, અને આપણાં આચરણ ને ઈશ્વરમય કરવાનો છે. “અને ત્યારે જ આપણે તેમની ભરપુરીપ્ણાંનો અનુભવ કરી , ભરપૂર બની તેમની કૃપામાં કૃપાવાન બનતા આગળ વધવાનું છે”(યોહાન ૧:૧૬).

આપણાં જીવનમાં આપણે તેમની ભલાઈનો અનુભવ પ્રાપ્ત કરવાનો છે. “તેની ભલાઈ તથા દયા હંમેશા મારા જીવનભર ટકી રહેશે”(ગી.શા. ૨૩:૬)

# ઓલ પીપલ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઇમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઇમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church
Account Number: 0057213809
IFSC Code: CITI0000004
Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

*વિશેષ નોધ:* ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો.
આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત  કરે!

## FREE PUBLICATIONS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don’t Compromise Your Calling*
Don’t Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God’s Purpose for Your Life
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God’s Word—The Miracle Seed*
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don’t Take Them
Open Heavens*
Our Redemption
Receiving God’s Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father’s Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner’s Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/books. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.
*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ
આપ અમારી વેબ સાઇટ (apcwo.org/sermons), દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ ચર્ચ વિષે

ઓલ પીપલ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચનને કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરોન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦૦૦ વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા ઇસુ શરીરમાં ઈશ્વર હોવાને કારણે, તેમણે જે કહયુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે બતાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જ્ગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ.

પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઇ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઇ શકીએ છીએ. બાઇબલ કહે છે, "પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે." (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઇ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે." (પ્રે.કૃ. ૧૦:૪૩)

"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ." (રોમન ૧૦:૯)

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને  માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે  સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હૃદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*


*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*

# DOWNLOAD THE FREE APP!

*Search for*
"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ ચર્ચ
# બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય એડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B.Th)

સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00 દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:૦૦ વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:૦૦ થી ૫:૦૦ દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે.

કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને અરજી કરવા માટે કૃપા કરી **apcbiblecollege.org**. ની મુલાકાત લેશો.

APC-BC is accredited by the
Nations Association for Theological
Accreditation (NATA).

ઘણા બધા માધ્યમોથી પ્રેરિત, આપણે ઈશ્વરના ચિત્રને આપણી નજરમાં વિકસીત કર્યું છે. – અન્યો દ્વારા ઈશ્વર વિષે શું કહેવામા આવ્યુછે, અનુભવો, નિરીક્ષણો, વાંચન, પૃથ્થકરણ અને ઘણા બધા દ્વારા આપણે નક્કી કરીએ છીએ. પણ આ બધુ સાચું ન પણ હોય શકે! જે તે છે અને જે રીતે તે કરે છે, તે અંગેની આપણી સમજ, ભૂતકાળના આપણાં અનુભવો, આપણાં પૂર્વગ્રહો, અયોગ્ય સમજણ અને ખોટી કલ્પનાઓ કરવા આપણને પ્રેરે છે. કેટલીક વાર આપણે ધાર્મિક સ્થાનોમાં સાંભળેલું, ધાર્મિક પુસ્તકોમાં વાંચેલું, આપણી સમક્ષ ખોટી રીતે રજૂ કરે છે પરિણામ સ્વરૂપે આપણામાં ઈશ્વરનું ખોટું સ્વરૂપ રજૂ થઈ છે. ઘણીવાર આપણે વિચારીએ છીએ કે ઈશ્વર સરેરાશ અને ઘાતકી છે.

આ પુસ્તક, ઈશ્વરનું તાજું ચિત્ર રજૂ કરે છે અને દર્શાવે છે કે ઈશ્વર ભલા ઈશ્વર છે.

આશિષ રાયચુર

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org